| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૨૬/૦૮/૨૦૨૩ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૦૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૫૩ લીટર દેશી દારૂ, ૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૭૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦૦ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી, ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૦૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૪૦૩/૨૦૨૩

**ચાંદખેડાઃ** અવધેશકુમાર સ/ઓ બૈજનાથ પ્રસાદ (રહે. શિવમ બંગ્લોઝ મોટેરા-કોટેશ્વર રોડ મોટેરા) એ તા.૨૫/૦૮/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૮/૨૦૨૩ સવારના ૧૦/૦૦ થી બપોરના ૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બારીનો કાચ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૭૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.પી.પટેલ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** યુવરાજ સ/ઓ બસવરાજ અવરાધ (રહે. ન્યુ કર્ણાવતીનગર ભગવતીનગર રોડ હાટકેશ્વર અમરાઇવાડી) એ તા.૨૫/૦૮/૨૦૨૩ ના રોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૮/૨૦૨૩ રાતના ૮/૦૦ થી તા.૨૪/૦૮/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના રસોડાના પાછળ દરવાજાનું પતરૂ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, ઘરવખરીનો સર-સામાન અને રોકડ રૂપિયા ૬૩૦૦/- મળી કુલ રૂપિયા ૬૭,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એસ.મીયાત્રા ચલાવે છે.

**બેગ ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૦૪/૨૦૨૩**

**ઓઢવઃ** સુનિતાબહેન ડો/ઓ પ્રેમબહાદુર સોની (રહે. પ્લોટ નંબર-૧૪૬૭ વૃંદાવનનગર ગોપાલનગર મેઝ પ્રોડકટની બાજુમાં સીંગરવા નિકોલ) એ તા.૨૫/૦૮/૨૦૨૩ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૮/૨૦૨૩ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે ઓઢવ રીંગરોડ યુ.એસ.પીઝાની બાજુમાં આવેલ તક્ષશિલા હેબિટેટના સામેથી સુનિતાબહેન સોનીની ભાણી પસાર થઈ રહી હતી ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ સુનિતાબહેન સોનીની ભાણીના હાથમાંથી બેગ ઝુટવી લઈ નાસી ગયા હતા. જે બેગમાં જરૂરી ડોક્યુમેન્ટ, દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૬૮,૫૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

**ભુલથી એસીડ પી લેતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪૦૫/૨૦૨૩**

**વટવા જીઆઈડીસીઃ** મયુરભાઈ ઉત્તમભાઈ રાઠોડ (ઉ.વ.૩૦) (રહે. નવી વસાહત જશોદાનગર) તા.૨૩/૦૮/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે તરસ લાગતા પોતાના ઘરે ભુલથી પ્લાસ્ટીકની બોટલમાંથી પાણી સમજી એસીડ પી લીધુ હતુ. સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૨૪/૦૮/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હરેશકુમાર ભગવાનભાઇ ચલાવે છે.

**ત્રીજા માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪૦૬/૨૦૨૩**

**નિકોલઃ** નિકોલ વી.આઈ.પી.સ્કુલ રોડ મહાકાલી ડેવલોપર્સની દેવસ્ય પ્લેટીના નામની નવી બનતી સાઈટ ખાતે રહેતા અને ત્યા જ સેન્ટીંગકામ કરતા દલપતભાઈ પરસોત્તમભાઈ પટેલ (ઉ.વ.૪૬) (મુળ વતન. ગામ.માતરીયા વાડી તા.મોરવા હડપ જી.પંચમહાલ) તા.૨૫/૦૮/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે સાઈટ ખાતે ત્રીજા માળે સેન્ટીંગનું કામ કરતા હતા ત્યારે ત્રીજા માળથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશભાઈ મંગુભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૦૭/૨૦૨૩**

**કૃષ્ણનગરઃ** મુકેશભાઇ તિલકરામ યાદવ (ઉ.વ.૨૮) (રહે. કુબેરદાસની જુની ચાલી ચેહરનગર સૈજપુર બોઘા) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૮/૨૦૨૩ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિતેષકુમાર જેસંગભાઇ ચલાવે છે.

**નરોડાઃ** હર્ષ સ/ઓ વિનોદભાઇ ભાવસાર (ઉ.વ.૨૨) (રહે. શાંતિકુંજ બંગ્લોઝ વિમલ પાર્ક સોસાયટી પાછળ નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૮/૨૦૨૩ બપોરના ૪/૩૦ થી ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પિયુષકુમાર નાથાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી